# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

## બાળ - ૧ : પ્રેક્ટિસ પેપર - ૮

## જવાબપત્ર - ૮

સમય : ૨ કલાક
કુલ ગુણ : ૧૦૦

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૧૦]**

**વિભાગ-અ**

**(ધર્મદેવ, જેઠ, જોબનપગી, રામાયણ, હાથી, ૭)**

**૧.** કાશીમાં ધર્મદેવ અને ઘનશ્યામને **હાથી** પર બેસાડી વરઘોડો કાઢ્યો.

**૨.** ઘનશ્યામ હનુમાન મંદિરમાં **રામાયણ** ની કથા સાંભળતા હતા.

**૩.** ઘનશ્યામના પિતાનું નામ **ધર્મદેવ** હતું.

**૪.** નીલકંઠ વર્ણીએ **૭** વર્ષ સુધી વનવિચરણ કર્યું.

**૫.** **જોબનપગી** માણકી ચોરવા ડભાણ ગયો.

**વિભાગ-બ**

**(માયા, મુક્તાનંદ, પ્રમુખસ્વામી, મંડપ, માતા-પિતા, પ્રદક્ષિણા)**

**૬.** આપણા ગુરુ **પ્રમુખસ્વામી** મહારાજ છે.

**૭.** **મુક્તાનંદ** સ્વામીએ આરતીમાં શ્રીજી મહારાજનો ઘણો મહિમા ગાયો છે.

**૮.** જો સારા થવું હોય, તો દરરોજ **માતા-પિતા** ને વંદન કરવા જોઈએ.

**૯.** આપણે ભગવાનના છીએ. પણ **માયા** ના નથી, એમ માનવું.

**૧૦.** ઘુંમટ નીચેના ભાગને **મંડપ** કહે છે.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| **૧.** | શ્રીજી મહારાજ વરતાલમાં ધામમાં પધાર્યા. | **૧.** | ✗ |
| **૨.** | ઘનશ્યામના માતાનું નામ સુવાસિની દેવી હતું. | **૨.** | ✗ |
| **૩.** | અમદાવાદમાં બ્રહ્મવલ્લભ બ્રાહ્મણ મરણ પામ્યો. ત્યારે શ્રીજી મહારાજ તેડવા ગયા. | **૩.** | ✗ |
| **૪.** | ઘનશ્યામનો જન્મ રામનવમીના દિવસે થયો હતો. | **૪.** | ✓ |
| **૫.** | ગઢડામાં શ્રીજી મહારાજ ઉપર લોકાએ છાણ, ઢેફાં ને ઈંટાળા નાખ્યાં. | **૫.** | ✗ |
| **૬.** | નીલકંઠ વર્ણીએ બાંશી ગામમાં પોતાની વાણીને શાપ આપ્યો. | **૬.** | ✓ |
| **૭.** | ધર્મશાસ્ત્રોના પુરાવા ટાંકીને ઘનશ્યામે ધર્મમાર્ગ શ્રેષ્ઠ છે એવું જાહેર કર્યું. | **૭.** | ✗ |
| **૮.** | કાલીદત તંત્રમંત્ર અને જાદુઈ વિદ્યાનો ભણેલો હતો. | **૮.** | ✓ |
| **૯.** | મુક્તાનંદ સ્વામીએ લગ્ન વખતે ગવાતા બીભત્સ ગીતો બંધ કરાવ્યા. | **૯.** | ✗ |
| **૧૦.** | સાતડે સાત, છે બ્રહ્મ હમારી જાત | **૧૦.** | ✓ |

**પ્ર.૩ નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

**૧.** ઘનશ્યામનો જન્મ કયા ગામમાં થયો હતો ?

(૧) ધારી (૨) ચાણસદ **(૩) છપૈયા** — **૧.** 3

**૨.** 'રુ' એટલે શું ?

**(૧) પ્રકાશ** (૨) અંધકાર (૩) અજ્ઞાન — **૨.** ૧

**૩.** 'મીઠા વ્હાલા કેમ વિસરું' આ પદ શ્રીજી મહારાજ કોને ઉદ્દેશીને બોલ્યા હતા ?

(૧) બ્રહ્માનંદ સ્વામીને **(૨) ગુણાતીતાનંદ સ્વામીને** (૩) ગોપાળાનંદ સ્વામીને — **૩.** ૨

**૪.** શ્રીજી મહારાજે મગનીરામને દીક્ષા આપી શું નામ આપ્યું ?

(૧) શિવાનંદ સ્વામી (૨) દેવાનંદ સ્વામી **(૩) અદ્વૈતાનંદ સ્વામી** — **૪.** 3

**૫.** રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને કયા ગામમાં ગાદી સોંપી ?

(૧) વીરપુર **(૨) જેતપુર** (૩) જેતલપુર — **૫.** ૨

**૬.** સ્વામીની વાતો એટલે ?

**(૧) ગુણાતીતાનંદ સ્વામીની વાતો** (૨) મહારાજની વાતો (૩) જીવનચરિત્ર — **૬.** ૧

**૭.** ભગવાનનના ઘરને શું કહે છે ?

**(૧) મંદિર** (૨) મહેલ (૩) ઘરમંદિર — **૭.** ૧

**૮.** મુક્તાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીનું નામ શું પાડ્યું ?

(૧) શીતલદાસ **(૨) સરયૂદાસ** (૩) ગોવિંદદાસ — **૮.** ૨

**૯.** કોના ધામગમન બાદ શ્રીજી મહારાજે સ્વામિનારાયણ મંત્ર આપ્યો ?

(૧) અદ્વૈતાનંદ સ્વામીના (૨) વ્યાપકાનંદ સ્વામીના **(3)** રામાનંદ સ્વામીના — **૯.** 3

**૧૦.** કોણે બાવાને તલવાર લઈ લેવા કહ્યું ?

**(૧) બ્રહ્માનંદ સ્વામીએ** (૨) ગુણાતીતાનંદ સ્વામીએ (૩) નિત્યાનંદ સ્વામીએ **૧૦.** ૧

**૧૧.** શ્રીજી મહારાજે વરતાલમાં કયો ગ્રંથ લખ્યો ?

(૧) સ્વામીની વાતો (૨) વચનામૃત **(3) શિક્ષાપત્રી** **૧૧.** 3

**૧૨.** મહારાજે અંત સમયે જૂનાગઢથી કોને બોલાવ્યા ?

(૧) બ્રહ્માનંદ સ્વામીને **(૨) ગુણાતીતાનંદ સ્વામીને** (૩) મુક્તાનંદ સ્વામીને **૧૨.** ૨

**૧૩.** શ્રીજી મહારાજે કયું મંદિર બાંધવા બધાને નદીએથી એક એક પથરો- ઉપાડી લાવવાની આજ્ઞા કરી ?

(૧) ગોંડલનું (૨) ધોલેરાનું **(3) ગઢડાનું** **૧૩.** 3

**૧૪.** હરિભક્તોના શરીરે લાગેલા ગારાને મહારાજે શેનો લેપ કહ્યો ?

(૧) કેસરનો **(૨) ચંદનનો** (૩) કાદવનો **૧૪.** ૨

**૧૫.** કોણે શ્રીજી મહારાજને મારી નાખવાનું કાવતરું કર્યું ?

**(૧) અમદાવાદના સૂબાએ** (૨) અંગ્રેજોએ (૩) કાઠી દરબારોએ **૧૫** ૧

**૧૬.** શ્રીજી મહારાજે કયા ગામમાં છોકરાઓને સમાધિ કરાવી ?

(૧) સારંગપુર (૨) જેતલપુર **(3) ગઢડા** **૧૬.** 3

**૧૭.** કયા ગામના યજ્ઞમાં વિરોધીઓએ ઘી ખૂટ્યાની બુમરાણ મચાવી ?

**(૧) ડભાણ** (૨) વરતાલ (૩) ગઢડા **૧૭.** ૧

**૧૮.** ભગતજી મહારાજના ગુરુ કોણ ?

(૧) શાસ્ત્રીજી મહારાજ **(૨) ગુણાતીતાનંદ સ્વામી** (૩) ગોપાળાનંદ સ્વામી **૧૮.** ૨

**૧૯.** ધર્મદેવે ઘનશ્યામની પરીક્ષા લેવા કેટલી વસ્તુ પાટલા પર મૂકી ?

(૧) બે **(૨) ત્રણ** (૩) ચાર **૧૯.** ૨

**૨૦.** ઘનશ્યામે ગૃહત્યાગ કરી કઈ નદીમાં ઝંપલાવ્યું ?

(૧) ગંગા **(૨) સરયૂ** (૩) ઘેલા **૨૦.** ૨

**૨૧.** કાશીના રાજાની સભામાં અધ્યક્ષ કોણ બન્યું ?

(૧) ઘનશ્યામ (૨) વિદ્વાનો **(3) ધર્મદેવ** **૨૧.** 3

**૨૨.** ઘનશ્યામનો જન્મ ક્યારે થયો હતો ?

(૧) સંવત્ ૧૮૪૮ **(૨) સંવત્ ૧૮૩૭** (૩) સંવત્ ૧૮૪૧ **૨૨.** ૨

**૨૩.** મહારાજના દેહનો અગ્નિ સંસ્કાર ક્યાં કર્યો ?

(૧) વરતાલમાં (૨) ગોંડલમાં **(3) ગઢડામાં** **૨૩.** 3

**૨૪.** રામાનંદ સ્વામી તથા નીલકંઠનો પ્રથમ મેળાપ કયા ગામમાં થયો હતો ?

**(૧) પીપલાણા** (૨) લોજ (૩) માંગરોળ **૨૪.** ૧

**૨૫.** નીલકંઠને રામાનંદ સ્વામીએ દીક્ષા આપી કયાં નામ પાડ્યાં ?

(૧) સહજાનંદ સ્વામી (૨) નારાયણમુનિ **(3) બંને** **૨૫.** 3

૨૬. શિક્ષાપત્રી મહારાજે ક્યાં લખી ?

**(૧) વરતાલ** (૨) ગઢડા (૩) જૂનાગઢ — ૨૬. **૧**

૨૭. કેટલા વર્ષની ઉંમરે ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો ?

(૧) ૯ **(૨) ૧૧** (૩) ૧૫ — ૨૭. **૨**

૨૮. ઝાડ નીચે જપ કરતા સાધુઓ પર શું પડ્યું ?

(૧) અજગર (૨) વીંછી **(૩) સાપ** — ૨૮. **૩**

૨૯. રામાનંદ સ્વામીના જુનામાં જુના શિષ્ય કોણ હતા ?

(૧) આત્માનંદ સ્વામી **(૨) મુક્તાનંદ સ્વામી** (૩) વ્યાપકાનંદ સ્વામી — ૨૯. **૨**

૩૦. મગનીરામ પહેલા કોનો ભક્ત હતો ?

**(૧) દેવીનો** (૨) રામાનંદ સ્વામીનો (૩) મહાદેવનો — ૩૦. **૧**

૩૧. કોણે મઠની મહંતાઈ ન સ્વીકારી ?

(૧) રામાનંદ સ્વામીએ **(૨) નીલકંઠે** (૩) બાવાઓએ — ૩૧. **૨**

૩૨. યોગીજી મહારાજના ગુરુ કોણ ?

(૧) ભગતજી મહારાજ **(૨) શાસ્ત્રીજી મહારાજ** (૩) વિજ્ઞાનદાસ — ૩૨. **૨**

૩૩. રામાનંદ સ્વામીએ પોતાની ગાદી કોને સોંપી ?

(૧) મુક્તાનંદ સ્વામીને **(૨) સહજાનંદ સ્વામીને** (૩) બ્રહ્માનંદ સ્વામીને — ૩૩. **૨**

૩૪. નીલકંઠ તરાપામાં બેસી જંગલમાં કોને મળવા ગયા ?

**(૧) જાંબુવાનને** (૨) સુગ્રીવને (૩) હનુમાનને — ૩૪. **૧**

૩૫. એકડે એક... ની રાખો ટેક, મારા બંધું.

(૧) બ્રહ્મ (૨) નિયમ **(૩) શ્રીજી** — ૩૫ **૩**

૩૬. નીલકંઠ વર્ણીએ કેટલા વર્ષ વન-વિચરણ કર્યું ?

**(૧) ૭** (૨) ૯ (૩) ૧૧ — ૩૬. **૧**

૩૭. શીતળદાસને સહજાનંદ સ્વામીએ કયો મંત્ર આપ્યો ?

**(૧) સ્વામિનારાયણ** (૨) ૐ નમઃ સિવાય (૩) નારાયણ...નારાયણ... — ૩૭. **૧**

૩૮. ભગવાન કોના દ્વારા પ્રગટ છે ?

(૧) મંદિર **(૨) સાચાસંત** (૩) ગુરુ — ૩૮. **૨**

૩૯. મહારાજે અહિંસક યજ્ઞ ક્યાં કર્યો ?

(૧) વડતાલમાં (૨) જુનાગઢમાં **(૩) જેતલપુરમાં** — ૩૯. **૩**

૪૦. શિખર નીચે જ્યાં મૂર્તિઓ પધરાવાય તેને શું કહેવાય ?

(૧) હરિમંદિર **(૨) નિજમંદિર** (૩) કોળી મંડપ — ૪૦. **૨**

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો.** **[૧૦]**

૧. મુનિ મહારાજની આંખમાં આંસુ કેમ આવી ગયા ?

**જ. મુનિ મહારાજ રડવા લાગ્યા કારણ તેઓ ઘનશ્યામનો જગમાં જેજેકાર જોવા આ દુનિયામાં જીવતા નહીં હોય.**

૨. ઘનશ્યામ કોની પાસે ભણતાં ? / ઘનશ્યામને કોણ ભણાવતાં ? / શિક્ષા આપી ?

**જ. ઘનશ્યામને ધર્મદેવે શિક્ષા આપી.**

૩. નીલકંઠર્ણીની નજીક આવતા વાઘે શું કર્યું ?

**જ. છલાંગ મારીને વાઘ નીલકંઠવર્ણીની બાજુમાં ઓટલા પર આવી ઊભો..**

૪. સરયુદાસને ક્યાં રહેવું ગમતું ?

**જ. સરયુદાસને જંગલમાં રહેવાનું પસંદ હતું.**

૫. સાધુઓ કયા શહેરમાં સરોવરમાં / તળાવમાં ઉગેલી શેવાળ ખાઈને રહ્યા ?

**જ. સાધુઓ જામનગરમાં સરોવરમાં ઉગેલી શેવાળ ખાઈને રહ્યા.**

૬. પિબેક નીલકંઠવર્ણીના પગમાં શાથી પડ્યો ?

**જ. નીલકંઠવર્ણીએ મનમાં ને મનમાં પ્રાર્થના કરી ઠૂંઠા સામે હાથ ઊંચા કર્યા, તો જોત જોતમાં ઠૂંઠાને ડાળ-પાં દડા આવ્યા, ફળફુલ આવ્યાં અને તેનું સુંદર ઘટાદાર વૃક્ષ બની ગયું. તે જોઈને પિબેક નીલકંઠવર્ણીના પગમાં પડી ગયા.**

૭. કોણ મરણ પામ્યા પછી પણ સજીવન થયો ?

**જ. બ્રાહ્મણ પ્રામવલ્લભ મરણ પામ્યા બાદ લાકડાની ચિંતાપર અગ્નિ મુકાય એટલી જ વાર હતી અને સજીવન થયો.**

૮. અમદાવાદમાં સાધુઓની મંડળીએ ક્યાં મુકામ કર્યો ?

**જ. અમદાવાદમાં ગામ બહાર દરિયાખાનાના ઘુંમટ પાસે ભુતિયા આમલીઓનું ઝુંડ હતું ત્યાં મુકામ કર્યો.**

૯. ઘનશ્યામે કેટલા વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો ?

**જ. ઘનશ્યામે ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો.**

૧૦. અંતકાળે શ્રીજી મહારાજે કોને જુનાગઢથી બોલાવ્યા ?

**જ. અંતકાળે શ્રીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને જુનાગઢથી બોલાવ્યા.**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. આપણે ભગવાનના.....

**જ. આપણે ભગવાનના છીએ પણ માયાના નથી, એમ માનવું.**

૨. કરોડ કામ બગાડીને.....

**જ. કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યા ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું ?**

૩. આવા સાધુને.....

**જ. આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતો સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય એમ મહિમા જાણવો.**

૪. નિરંતર સર્વ.....

**જ. નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું ? એમ જોયા કરવું.**

૫. ગાફલાઈ ટાળવાનું.....

**જ. ગાફલાઈ ટાળવાનું કારણ એ છે જે ખડકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઈક શિક્ષા કરે ત્યારે ટળે.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. નાના નાના બાળ ......... પ્રણામ કરશું...

**જ. નાના નાના બાળ અમે, સ્વામીને વ્હાલા બાળ અમે;**
**શ્રીજીને વ્હાલા બાળ અમે, સંતોને વ્હાલા બાળ અમે... અક્ષર. ૧**
**વહેલા ઊઠી ધ્યાન ધરશું, નાહી ધોઈને પૂજા કરશું;**
**'સ્વામિનારાયણ' મંત્ર ભણશું, પ્રગટ પ્રભુને પ્રણામ કરશું... અક્ષર. ૨**

૨. પુરુષોત્તમ પ્રગટનું ......... સુગમ કરી સિદ્ધિ...

**જ. પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે; (૨)**
**કાળ કર્મથી છુટી (૨) કુટુંબ સહિત તરશે... જય. ૫**
**આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી; (૨)**
**મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સિદ્ધિ... જય. ૬**

૩. ૐ સહ નાવવતુ ......... ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।

**જ. ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્ય કરવાવહૈ ।**
**તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।**

૪. આઠડે આઠ, ......... અક્ષરધામમાં જવાય...

**જ. આઠડે આઠ, મૂકી દે જગનો ઠાઠ... મારા બંધુ ૦**

**નવડે નવ, તરી જા તું ભવ... મારા બંધુ ૦**

**એકડે મીડે દસ, અધર્મમાંથી ખસ... મારા બંધુ ૦**

**એવી રીતે ભજાય, તો અક્ષરધામમાં જવાય... મારા બંધુ ૦**

૫. ગુરુર્બ્રહ્મા ......... શ્રી ગુરવે નમઃ ॥

**જ. ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**

**ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં) [૧૦]**

**૧.** ગધેડાની ગાય.

**૨.** છડી સવારીએ કાકડી ખાધી.

**૩.** રે મારી વાણી ! તું નિષ્ફળ જજો.